# <u>નવસારી કૃષિ યુનિવર્સિટી</u>
## <u>ચીકુ ફાલ હરાજીની જાહેરાત</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના નીચે જણાવેલ કેન્દ્રો ખાતેથી ચીકુનો ફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ નીચે પ્રમાણે કેન્દ્રના અલગ અલગ ઈજારા માટે ટેન્ડર ફોર્મ દીઠ જે તે કેન્દ્ર ખાતે રૂા. ૫૦૦/– રોકડા ચૂકવી ટેન્ડર ફોર્મ ભરી જે તે તારીખ અને સમય સુધીમાં જમા કરાવવાના રહેશે.

| અ.નં. | ફાર્મનું નામ | ડીપોઝીટ ની રકમ (₹) | ટેન્ડર ભરવાની તારીખ | ટેન્ડર ખોલવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી | ૧૦,૦૦૦ | ૦૫/૦૮/૨૦૧૭ | ૦૮/૦૮/૨૦૧૭ |
| ૨ | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી | ૫,૦૦૦ | ૦૫/૦૮/૨૦૧૭ | ૦૮/૦૮/૨૦૧૭ |
| ૩ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કોલેજ ફાર્મ, નવસારી | ૫,૦૦૦ | ૦૫/૦૮/૨૦૧૭ | ૦૮/૦૮/૨૦૧૭ |
| ૪ | કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા | ૨૦,૦૦૦ | ૦૮/૦૮/૨૦૧૭ | ૦૯/૦૮/૨૦૧૭ |
| ૫ | મુસા ફાર્મ, વ્યારા | ૫,૦૦૦ | ૦૯/૦૮/૨૦૧૭ | ૧૦/૦૮/૨૦૧૭ |
| ૬ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વ્યારા | ૨,૫૦૦ | ૦૯/૦૮/૨૦૧૭ | ૧૦/૦૮/૨૦૧૭ |

અનામતની રકમનો ડીમાન્ડ ડ્રાફટ જે તે કેન્દ્રના ડીડીઓના નામ સાથે પોતાના ભાવ ટેન્ડર ફોર્મમાં બંધ કવરમાં ઉપરમાં જણાવેલ જુદા જુદા કેન્દ્રોના અનામત સાથે ભાવપત્રક ભરવાના તારીખના રોજ બપોરના ૨–૦૦ વાગ્યા સુધીમાં ઉપરોકત કચેરીઓને રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો જે તે કેન્દ્રના હરાજીના તારીખના દિવસે ૧૦–૦૦ કલાકે ઈજારદારોની હાજરીમાં જે તે કેન્દ્રના ફાર્મ ખાતે ખોલવામાં આવશે. ઈજારાની શરતો જે તે કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના જે તે કેન્દ્રો ખાતેના ચીકુ ફાલના ઈજારાની ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષની હરાજીથી વેચાણની શરતો.

(૧) નીચે જણાવેલ ટેબલમાં બતાવેલ ચીકુ ઝાડની સંખ્યા અને અનામતની રકમ દર્શાવેલ છે.

| અ. નં. | ફાર્મનું નામ | પ્લોટ નંબર | ઝાડની સંખ્યા | | ડીપોઝીટની રકમ (₹) |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, નવસારી | ડી ૧, ૭, ૮, અને ૧૦ | ૪૪૫ | | ૧૦,૦૦૦ |
| ૨ | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી | એફ – ૬,૭ અને ૮ | ૩૮૦ | | ૫,૦૦૦ |
| ૩ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કોલેજ ફાર્મ, નવસારી | | | | ૫,૦૦૦ |
| ૪ | કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા | વિભાગ | નાના | મોટા | ૨૦,૦૦૦ |
| | | ૧ થી ૫ | ૭૯૧ | ૯૭૨ | |
| | | ૬ થી ૮ | ૧૫૦ | ૫૬૯ | |
| ૫ | મુસા ફાર્મ, વ્યારા | | ૨૫૫ | | ૫,૦૦૦ |
| ૬ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વ્યારા | – | ૩૮ | | ૨,૫૦૦ |

**ઉપરોકત તમામ ફાર્મના ચીકુ ફાલનો ઈજારો અલગ અલગ આપવામાં આવશે.**

(૨) ઉપરોકત શરત –૧ માં નિર્દેશ કરેલ ચીકુનો ફાલ ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષમાં ઉતારી લઈ જવાની ઈજારાની મુદત મંજુર થાય તે તારીખથી તાઃ ૧૫–૦૪–૨૦૧૮ સુધીની રહેશે. મુદતમાં કોઈપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહિં.

(૩) ટેન્ડર ભરનાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ. અસ્થિર મગજનો હોવો જોઈએ નહિં.

(૪) શરત નંબર ૧ મુજબ ઈજારદારે ઈજારા પેટે અનામત તરીકે જે તે કેન્દ્રમાં અલગ અલગ જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ ભર્યા સિવાયના ટેન્ડર ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. ટેન્ડર નામંજુર થતા બાકીનાં ઈજારદારની અનામત આશરે ૧૫ દિવસ બાદ ડીપોઝીટની રકમ વગર વ્યાજે ચેક દ્વારા પરત કરવામાં આવશે. જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તેમને ઈજારાની મુદત પૂરી થયે ચીકુવાડીમાં કોઈ નુકશાન ન કર્યાનું પ્રમાણપત્ર રજુ કર્યે ડીપોઝીટ પરત કરવામાં આવશે.

(૫) ઈજારો છેવટે સ્વીકારતા ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

(અ) જેનું ટેન્ડર મંજુર થશે તે ઈજારદારે તુરંત ઈજારાની રકમના ૧૦ % ડીપોઝીટ પેટે જમા કરવના રહેશે. હરાજીના દિવસે ઈજારાદારે ફરજીયાતપણે હાજર રહેવું પડશે. ડીપોઝીટની રકમ ભર્યા પછી જ ઈજારાદારનું ટેન્ડર મંજુર ગણાશે.ડીપોઝીટની રકમ ઈજારાની મુદત પુરી થયા બાદ ફાર્મમાં કોઈપણ જાતની નુકશાની નહી થયાની ખાત્રી થયા બાદ (જો નુકશાની થયેલ હશે તો નુકશાનીના પ્રમાણમાં નાણાં કાપી લઈ બાકીનાં નાણાં) વગર વ્યાજે પરત કરવામાં આવશે.

(બ) ઈજારાની કુલ રકમ નીચેની વિગતે ૨ (બે) હપ્તે બપોરે ૧૨.૦૦ કલાક પહેલાં જે તે કેન્દ્રની ઓફિસમાં ભરપાઈ કરવાની રહેશે.

૧: પ્રથમ હપ્તો ૫૦% તાઃ ૨૮–૦૮–૨૦૧૭ સુધીમાં ડી.ડી. /આર.ટી.જી.એસ. થી ભરવાના રહેશે.

૨: બીજો હપ્તો બાકીના ૫૦% તાઃ ૦૧–૦૧–૨૦૧૮ સુધીમાં ડી.ડી. /આર.ટી.જી.એસ. થી ભરવાના રહેશે.

ખાસ કેસ તરીકે પ્રથમ અને બીજા હપ્તાના નાણાં ઉપરોકત મુદતમાં વધુમાં વધુ ૧૫ ( પંદર) દિવસની મુદત વધારી શકાશે અને તે વધારાના દિવસનું વ્યાજ યુનિવર્સિટીના નિતીનિયમોનુસાર ગણી ઈજારાની રકમ સાથે જ કચેરીમાં ભરવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે.સદરહું શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(ક) ઉપર જણાવેલ રકમ સમયસર જે તે કેન્દ્રની કચેરીને અચુક જમા કરાવવાની રહેશે. નકકી થયેલ હપ્તાની રકમ સમયસર જમા કરાવવામાં નહિ આવે તો ઈજારાદારને મુદત બાદ ચીકુ ઉતારવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૬) પ્રથમ હપ્તો ભર્યા પછી જ માલ ઉતારવા દેવામાં આવશે.

(૭) ઉપર જણાવેલ પ્રથમ હપ્તાની રકમ મુદતસર ભરવામાં નહિ આવે તો ઈજારો રદ બાતલ કરવામાં આવશે અને ઈજારાદારની જે તે કેન્દ્રમાં ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. કમીટી દ્વારા બીજા નંબરના ઈજારદારને ઈજારો આપવો કે નહી તે નકકી કરવામાં આવશે.

(૮) ઈજારદારથી ઈજારાની રકમ નિયત સમયમાં ભરપાઈ નહિ કરવામાં આવે અને શરત નં.૫ (બ) પ્રમાણે અમલ નહિ થાય તો ઈજારાદારને ચીકુ ઉતારવા દેવામાં આવશે નહિ અને તૈયાર થયેલ માલ બગડે તેવો હશે તો નવસારી કૃષિ યુનિવર્સિટીના જે તે કેન્દ્ર મારફત વેચાણ થશે અને આ પ્રમાણે વેચાણ થયેલ માલની રકમમાં ઈજારદારનો કોઈ હકક કે દાવો રહેશે નહિ.

(૯) ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા તે મંજુર કરનાર અધિકારીશ્રીની રહેશે. ફાર્મના માલ ઉપર કોઈપણ જાતની સરકારી અથવા ગ્રામ પંચાયત કે માર્કેટીંગ યાર્ડનો કરવેરો કે ઓકટ્રોય વગેરે જે હશે તે ઈજારાદારને શીરે રહેશે.

(૧૦) ફળ ઉતારતા કોઈપણ માલ, મકાન, પાક, ઝાડ વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારાદારે રાખવાની રહેશે. ઈજારદારથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે તે કેન્દ્ર ખાતે કોઈપણ જાતનું નુકશાન થશે તો સંસ્થાને વ્યાજબી લાગે તે નુકશાનીની રકમ વસુલ કરવામાં આવશે. આ અંગે જે નિર્ણય લેવાશે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

(૧૧) સદર ફાર્મમાં ઈજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવે તેના નામ, પૂરૂ સરનામું અને મોબાઈલ નંબર ફાર્મ વ્યવસ્થાપકશ્રીને લેખિત રજુ કરવાના રહેશે. જે તે શખ્સને જયારે બદલવાના થાય ત્યારે તુરત જે તે કેન્દ્રના અધિકારીશ્રીને નવા રાખેલ રખેવાળ અથવા પ્રતિનિધિના નામ અને પૂરેપુરા સરનામાની જાણ કરવાની રહેશે તે સિવાય કોઈપણ શખ્સને ફાર્મમાં દાખલ કરવામાં આવશે નહિં. આ શખ્સનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતમાં નુકશાન કરતા જણાશે તો તેવા માણસને જે તે કેન્દ્રના ફાર્મ વ્યવસ્થાપકશ્રી તરફથી જાણ કરવામાં આવે તો તે જ દિવસથી દુર કરવાનો રહેશે અને તેના માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહિ. જે તે કેન્દ્રના અધિકારીશ્રીની સંમતિ મેળવ્યા સિવાય ફાર્મ ઉપરના કોઈપણ મજુરને કામ ઉપર લઈ જઈ શકાશે નહિ.

(૧૨) કોઈપણ કુદરતી આફતમાં વાવાઝોડું, અતિવૃષ્ટિ અથવા બીજો કોઈ આસમાની સુલતાનીથી હરાજી કરેલ ઝાડના ફળને કોઈપણ નુકશાન થશે તો તેની નવસારી કૃષિ યુનિવર્સિટીના જે તે કેન્દ્રની કોઈ જવાબદારી રહેશે નહિ. ઝાડને કુદરતી થયેલ નુકશાન અંગેની જાણ ઈજારદાર જે તે કેન્દ્રના અધિકારીશ્રી ને કરવાની રહેશે.

(૧૩) ઈજારાથી આપેલ માલ ઉતારતી વખતે ઝાડના મૂળ, ડાળ કે પાંદડાને કોઈપણ જાતનું નુકશાન થવું જોઈએ નહિ અને જો નુકશાન થશે તો તેની વસુલાત ઈજારાદાર પાસેથી કરવામાં આવશે. ઝાડના લીલા, સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારદારનો કોઈપણ હકક રહેશે નહિં.નકામા ફળનો ફાર્મમાંથી વ્યવસ્થિત રીતે નિકાલ કરવાનો રહેશે. ફાર્મમાં દુર્ગન્ધ ન ફેલાય તે જોવાનું રહેશે.

(૧૪) કોઈપણ રોગીષ્ટ ઝાડના નડતરરૂપ પાન કે ડાળી કાપવામાં આવે તો ઈજારાદાર વાંધો લઈ શકશે નહિં.

(૧૫) ઉતારેલ ફળો ફાર્મની બહાર લઈ જવા માટે ઝાડના ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજનની નોંધ પ્રથમ ગેટપાસમાં ફરજીયાત કરાવવાની રહેશે. આવી નોંધ કર્યા સિવાય ફળો ફાર્મમાંથી બહાર લઈ જવા દેવામાં આવશે નહિ. આ ઉપરાંત મુદત પુરી થવાના સમયે જે ચીકુ ઉતારી લઈ જવાય તેમાં કુમળા કે અપરિપકવ ચીકુ ઉતારાય નહિ તે ઈજારદારે કાળજી લેવાની રહેશે. તેમાં કસુર થયે જે તે કેન્દ્રના અધિકારીશ્રી નકકી કરે તે દંડ આપવાનો રહેશે.

(૧૬) હરાજીથી રાખેલ ઝાડ ઉપર ફાર્મની કલમો બાંધવામાં આવે તો તેને ઈજારદાર અટકાવી શકશે નહિ. તેમજ બાંધેલી કલમોને નુકશાન કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. તેમ છતાં કોઈપણ જાતનું નુકશાન થયેલું જણાશે તો ડીપોઝીટની રકમ જપ્ત કરી નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી નકકી થયેલ રકમ જે તે કેન્દ્ર દ્વારા વસુલ કરવામાં આવશે.ઈજારામાં અપાયેલ ચીકુના ઝાડ ઉપર કલમ બાંધવાનો હકક યુનિવર્સિટીને રહેશે.

(૧૭) અખતરાના ઝાડ જેના ઉપર સફેદ પટ્ટા અથવા ટેગ લગાડવામાં આવેલ હશે. તેવાજ ઝાડોના ફળો ઉતારતી વખતે અગાઉથી મંજુરી મેળવ્યા બાદ ફાર્મના પ્રતિનિધિની હાજરીમાં જ ઉતારવા દેવામાં આવશે. જેના ઝાડ દીઠ ફળની સંખ્યા અને વજન નોંધવાનું રહેશે. યુનિવર્સિટીના નવા અખતરા વચ્ચેથી શરૂ કરી શકાશે જે ઈજારાદારે માન્ય રાખવું પડશે.તથા પૃથ્થકરણ માટે અખતરાના ઝાડ દીઠ પચ્ચીસ (૨૫) ફળો વિના મુલ્યે આપવાના રહેશે.

(૧૮) ફાર્મની સુવિધા પ્રમાણે જ ઈજારા હેઠળના ઝાડને પાણી આપી શકાશે. આ અંગે ઈજારદારની કોઈપણ તકરાર ચાલશે નહિં.

(૧૯) ચીકુ ફાલના ઈજારા અંગે કોઈપણ જાતની તકરાર, મુશ્કેલી કે મુદદાઓ ઉપસ્થિત થાય તો તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે તે કેન્દ્ર દ્વાર જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવે તે ઈજારદારે કોર્ટનો આશરો લીધા સિવાય શિરોમાન્ય રાખવો પડશે.

(૨૦) પરિસ્થિતિને અનુરૂપ જે તે કેન્દ્રના અધિકારીશ્રી ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરત અંગે જે નિર્ણય લે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

(૨૧) સંજોગાવસાત ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધીશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવો પડશે. તે અંગે કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિં.

(૨૨) ઈજારો રાખનારે કચેરીએ નકકી કર્યા મુજબની શરતો બંધનકર્તા છે.તે મુજબનું ઓફિસે નકકી કરેલ લખાણ રૂા.૧૦૦/– ના નોન– જુડીશીઅલ સ્ટેમ્પ પેપર પર લખી આપવાનું રહેશે.

(૨૩) ઈજારદારે અનામત / ભાવપત્રક સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

(૨૪) જે ઈજારદારનો ઈજારો મંજુર થશે તેમણે પોતાના મજુરોની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે.

(૨૫) સંજોગોવશાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઈસમોની રકમ સરખી હોય એવા સંજોગો ઉપસ્થિત થાય તો તેવા સમયે નિમણૂંક કરેલ કમિટિનો નિર્ણય આખરી રહેશે.અને હરાજીના દિવસે અને સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.